### ધોરણ-૯ અને ૧૧ની એપ્રિલ-૨૦૧૯માં લેવાયેલી પરીક્ષામાં

# નાપાસ થયેલા વિદ્યાર્થીઓની રી-ટેસ્ટ લેવાશે

## વાલીઓની રજૂઆતના સંદર્ભમાં શિક્ષણમંત્રીનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ના વર્ગ બઢતીના નિયમોમાં આ ધોરણોમાં ભણતા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ નાપાસ થયેલા હોય તે વિદ્યાર્થીઓને વધુ એક તક આપી રી-ટેસ્ટ લેવાની સૂચના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવી છે. રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓએ તેમના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ અંગેની જાણ સત્વરે કરવાની રહેશે. ધોરણ-૯ અને ધોરણ-૧૧ની એપ્રિલ ૨૦૧૯માં લેવાયેલ પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની રી-ટેસ્ટ તા.૧૦/૦૬/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ધોરણ-૯ અને ધોરણ-૧૧ની એપ્રિલ ૨૦૧૯માં લેવાયેલી પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની રી-ટેસ્ટ આગામી ૧૦મી જૂન સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૧માં નાપાસ થયેલા તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીને આ અંગેની જાણ કરવાની રહેશે. રી-ટેસ્ટનું પરિણામ ૧૫-જૂન સુધીમાં વિદ્યાર્થીઓને મળે તે રીતે જાહેર કરવાનું રહેશે. આ ધોરણોમાં ભણતાં વિદ્યાર્થીઓ કે જેઓની પરીક્ષા એપ્રિલ-૨૦૧૯માં લેવાયેલી અને અનુત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓના વાલીઓએ આ વિદ્યાર્થીઓની રી-ટેસ્ટ લેવા અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી અને આ રજૂઆતનો શિક્ષણમંત્રીશ્રીએ સ્વીકાર કરીને જે વિદ્યાર્થીઓ એપ્રિલ-૨૦૧૯માં લેવાયેલી પરીક્ષામાં નાપાસ થયેલા છે તેઓને રી-ટેસ્ટ આપવાનો મહત્વનો નિર્ણય લઈ મૂલ્યવાન તક પૂરી પાડેલ છે.


**જન્મદિને વધામણી**



અશોકભાઈ ચીમનલાલ ભાવસાર
મો. ૯૭૩૭૧ ૭૯૭૬૪



નિકુંજકુમાર પી પટેલ
મારૂતિ મંડપ ડેકોરેટર્સ
મો. ૯૭૧૪૫ ૯૧૬૦૧



મહેશકુમાર ડી રાવલ
મો. ૨૩૨૩૩૦૬૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક




ગાંધીનગર, તા. ૨૯

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસિએશન દ્વારા તાજેતરમાં કેરળ રાજયના કન્યાકુમારી ખાતે ૨૨મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ ચાલેલી આ સ્પર્ધામાં ૧૫ રાજ્યોમાંથી કુમિતે ઈવેન્ટમાં ૨૫૦ અને કાતા ઈવેન્ટમાં ૨૩૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગુજરાત રાજયની ટીમમાં ગાંધીનગરના ૧૦ ખેલાડીઓએ કાતા અને કુમિતે ઈવેન્ટ્સમાં મેડલ્સ મેળવવામાં સફળતા મેળવી હતી.

રેન્શી ગૌરાંગ રાણા, જિજ્ઞેશ ત્રિવેદી, સેનસાઈ દર્શન સુથાર અને સેનસાઈ સુરજ ત્રિપાઠી દ્વારા આ વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધાના નિયામક તરીકે એસોસિએશનના ટેકનીકલ ડિરેકટર શિહાન અરવિંદભાઈ રાણાએ પોતાની સેવાઓ પ્રદાન કરીને સ્પર્ધાને સફળતાપૂર્વક સંપન્ન કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાંથી કુમિતે ઈવેન્ટમાં નંદિની સુથાર, નૈતિક સુથાર, દર્શ રાવલ અને વેદ રત્નાકરે ગોલ્ડ મેડલ, કુમિતે અને કાતા બંને ઈવેન્ટમાં અથર્વ ત્રિવેદીએ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. કુમિતે ઈવેન્ટમાં પુન્ય ઠક્કરે સિલ્વર મેડલ મેળવ્યો હતો જ્યારે કાતા ઈવેન્ટમાં અલ્પેશ રાઠોડે સિલ્વર મેડલ મેળવ્યો હતો. કુમિતે ઈવેન્ટમાં શૌર્યવીર રાઠોર, દેવાંશ ડાભી, અપૂર્વા ઠાકુર અને અલ્પેશ રાઠોડે બ્રોન્ઝ મેડલ્સ મેળવ્યા હતા. કાતા ઈવેન્ટમાં નંદિની સુથાર અને દર્શ રાવલે બ્રોન્ઝ મેડલ્સ મેળવ્યા હતા. આ સ્પર્ધામાં રેન્શી ગૌરાંગ રાણા, જિજ્ઞેશ ત્રિવેદી તથા સેનસાઈ સુરજ ત્રિપાઠીએ રેફરી, જજ તથા ઓફીશિયલ તરીકે ત્રણેય દિવસો દરમિયાન પોતાની સેવાઓ પ્રદાન કરી હતી. ઑલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસિએશન દ્વારા તેમનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગરના ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ગાંધીનગર કેન્દ્રમાં ટોપ ટેનમાં નરેશ બળદેવભાઈ ડાભીએ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

નરેશે ૭૦૦માંથી ૬૧૮ ગુણ સાથે ૯૯.૫૯ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. મંડળ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭ના ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અનુક્રમે મેહુલ કે ભરવાડ, આશા આર બાબરિયા, વિશાલ જી લકુમ, મેહુલ એમ ખટાણા અને વિશાલ વી પંડ્યાએ ઉજ્જવળ પરિણામ મેળવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને શાળા પરિવાર દ્વારા ઉત્તીર્ણ થનારા સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# બાળ સુરક્ષા સેવા પ્રણાલી અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

UWSL યુનિસેફના સહયોગથી કર્ણાવતી યુનિવર્સિટીની કૉલેજના પૅરાલિગલ વૉલન્ટીયર્સ માટે ગુજરાતમાં બાળ સુરક્ષા સેવા પ્રણાલી મજબૂત બનાવવા અંગે રાજય સ્તરના બે દિવસીય વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપના ભાગ તરીકે કર્ણાવતી યુનિવર્સિટીની કોલેજ (UWSL) દ્વારા કાનૂની અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, સોશ્યલ લાઈફ એક્ટીવિસ્ટસ, પ્રો-બોનો વોલેન્ટીયર્સ, શિક્ષકો, મેડિકલ પ્રોફેશનલ્સ અને ટ્રાન્સજેન્ડર સમુદાયના પ્રતિનિધિઓને કર્ણાવતી યુનિવર્સિટીના કેમ્પસમાં તા.૨૫-૨૬ મે, ૨૦૧૯ના રોજ યોજાયેલ વર્કશોપમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ વર્કશોપને ભારે પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો અને ગુજરાતના ૨૬ જીલ્લામાંથી ૧૧૬ પ્રતિનિધિઓ એમાં સામેલ થયા હતા. વર્કશોપના પ્રથમ દિવસે ડો. દેબારતી હલ્દરે



ભારતના મૂળભૂત કાયદાઓમાં પેરાલીગલ વોલેન્ટીયર્સની કરાયેલી વ્યાખ્યા મુજબ કાનૂની સહાયના મુખ્ય સિધ્ધાંતો અને નાગરિકોના દરેક વર્ગો સુધી કાનૂની સહાય કઈ રીતે પહોંચાડી શકાય તે અંગે ચર્ચા કરી હતી. વર્કશોપના કો-ઑર્ડિનેટર અને યુનાઈટેડવર્લ્ડ સ્કૂલ ઓફ લૉના પ્રો. ડો. હલ્દરે વર્કશોપમાં સામેલ થયેલા સભ્યોને પેરાલીગલ વોલેન્ટીયર્સે અપનાવવા જેવી વ્યૂહરચના અને સિમાંત તથા દયનીય સ્થિતિમાં જીવન જીવી રહેલી મહિલાઓ અને બાળકો જેવા જૂથોને વિનામૂલ્યે કાનૂની સહાય પહોંચાડવાના મુખ્ય સિધ્ધાંતો અને તે કઈ રીતે પહોંચાડી શકાય તે અંગે માહિતી આપી હતી. બીજી ટેકનિકલ સેશનને યુનિસેફના ચાઈલ્ડ પ્રોટેક્શન સ્પેશ્યાલિસ્ટ શ્રી વેદપ્રકાશ ગૌતમે સંબોધન કર્યું હતું. આ બેઠકમાં ગુજરાત અને ભારતમાં દયનિય સ્થિતિમાં જીવતી મહિલાઓ અને બાળકો અંગે મુખ્ય સવાલો હાથ ધરવામાં આવ્યા હતા. આ બેઠકમાં માનવ અધિકારો આધારીત કાર્યક્રમોના માળખામાં અને બાળ અધિકારો તથા બાળ સુરક્ષાના આંતરરાષ્ટ્રીય ઘટક અને એક ખાસ ક્ષેત્ર તરીકે બાળકોના હક્કોની ઉત્ક્રાંતિ કઈ રીતે થઈ તે બાબત પણ આવરી લેવામાં આવી હતી.

# ગાંધીજીનો વિનોદ

॥ ૪૩મો મણકો ॥

### ૧૦૬ - પ્રેમીની પીડા પ્રેમી જ જાણે

પદ્મજા નાયડુને ગાંધીજીએ એકવાર કામસર હૈદરાબાદ મોકલ્યાં હતાં. પણ ત્યાં જઈ તે એકાએક માંદાં પડી ગયાં. તેમની માંદગી દરમિયાન ગાંધીજી તેમને દરરોજ કાગળ લખતા અને ખોરાક, દવા વગેરે બાબતો વિશે ઝીણવટથી પુછાવતા.

એક દિવસ તેમની નાની બહેને મોટી બહેન પદ્મજાને પૂછ્યું, ગાંધીજી દરરોજ પ્રેમપત્ર લખવાનો સમય કાઢે છે તેથી મને આશ્ચર્ય થાય છે. તેમને આવા કાગળો લખવા સિવાય બીજું કંઈ કામ હશે કે નહીં?

આ વાત પદ્મજાબહેને ગાંધીજીને લખી. ગાંધીજીએ વિનોદપૂર્ણ જવાબ લખ્યો, એ હવે તદન સ્પષ્ટ થાય છે કે તે કોઈ સાથે પ્રેમમાં પડી નથી, કારણ કે જ્યારે તમે પ્રેમમાં હો ત્યારે પ્રેમપત્ર લખવાનો સમય તમને હંમેશાં મળી રહે છે.

યુવાનને પણ ટપી જાય એવાં ગાંધીજીનાં વિનોદી વચનો વાંચી બંને બહેનો ખૂબ હસી.


### ૧૦૭ - ભલે નૃત્ય કરો

ગાંધીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ઈંગ્લેન્ડ જતા હતા ત્યારે સ્ટીમર પર ગોરા ઉતારુઓએ પૂછ્યું,

મિ. ગાંધી. અમે તમારી નજીક નૃત્ય કરીએ તો તમને કશો વાંધો નથી ને ?

ગાંધીજી : બેશક નૃત્ય કરો. મારી નજીક શું, મારી આસપાસ પણ કરી શકો છો. શરતે ટલી કે મારા પર નહીં કરતા.

સંત પુરુષમાં પણ અંગ્રેજ પ્રજા જેવો વિનોદ જોઈ નૃત્ય કરનારાઓ હસ્યા અને મોડી રાત સુધી ગાંધીજીની નજીક અને આસપાસ પણ તેમણે નૃત્ય કરવાનું ચાલુ રાખ્યું. પણ ગાંધીજી તો એ અવાજથી એવા અલિપ્ત હતા કે તેઓ ઘસઘસાટ ઊંઘતા હતા.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# નગરનાં ગાયકો દ્વારા સ્વ. સુનિલ દત્તને શ્રદ્ધાસુમન





ગાંધીનગર, તા. ૨૯

શ્રી મનોરંજન મ્યુઝિક સ્ટુડિયો દ્વારા સ્વ. સુનિલ દત્તની ૧૪મી પુણ્યતિથિ નિમિત્તે એમની ફિલ્મનાં ગીતો સાથે શ્રદ્ધાસુમન અર્પવાનો કાર્યક્રમ શહેરના ડૉ. આંબેડકર હૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. વૉઈસ ઑફ મહંમદ રફી તરીકે ગુજરાત ગૌરવ એવૉર્ડ પુરસ્કૃત ગાયક બંકિમ પાઠક આ કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા. એમની સાથેત અટ્રીયા હબના હસમુખ પટેલ, લોક ગાયક સુરેશ રત્નોત્તર, ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. બંકિમ પાઠકે કાર્યક્રમનું ગીત 'અહેસાસ મેરે દિલ પે તુમ્હારા હૈ દોસ્તોં...' અને 'બડી દેર ભઈ નંદલાલા તેરી રાહ તકે બ્રિજબાલા...' ગાઈને શ્રોતાઓને રાજી કરી દીધા. મનોરંજનના પ્રમુખ અજિતસિંહ પરમારે પુષ્પગુચ્છથી અને આર કે રાવલે જાતે બનાવેલા પેઈન્ટિંગથી બંકિમ પાઠકનું અભિવાદન કર્યું. મેરી આવાઝ સુનો કરાઓકે ક્લબના આ કાર્યક્રમનું સંચાલન બિજય તિવારી અને શિલ્પી શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સુરીલી મહેફિલમાં શ્રવણ પરમાર, સુરેશ પરમાર, નરેન્દ્રસિંહ ગોહિલ, અજિતસિંહ પરમાર, જનકબા પરમાર, જશવંત જાદવ, સંગીતા દવે, રાકેશ બાજપેયી, ભીખુભાઈ પંચાલ, રાજેશ મુંધવાએ સુંદર ગીતોની પ્રસ્તુતિ કરી હતી. કિરીટ અગ્રાવત, સુરેશ પારધી, દિનેશ પંચમિયા, આશાબા સરવૈયા, મહેન્દ્ર ભાવસાર, મધુ પ્રજાપતિ, ભરત પ્રજાપતિ, હસમુખ મેકવાન જેવા સંગીતપ્રેમીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બંકિમ પાઠકના ચાહકો એટલી મોટી સંખ્યામાં હતા હૉલની સઘળી બેઠકો સંપૂર્ણ ભરાઈ જતાં પગથિયાં પર બેસીને લોકોએ આ કાર્યક્રમને માણ્યો હતો.

# આઠ સ્કૂલ્સે સરકાર પાસેથી ૧.૪૯ કરોડ વધુ ફી લીધી

## અમાન્ય રીતે વધુ ફી ઉઘરાવવામાં આવી હોવાની વિગતો બહાર આવતાં સ્કૂલ્સ પાસે ખુલાસો માગવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૯

અમદાવાદ શહેરની આઠ જેટલી સ્કૂલોએ સરકાર પાસેથી ૧.૪૯ કરોડની વધુ ફી લીધી હોવાની ચોંકાવનારી માહિતી પ્રકાશમાં આવી છે. આ સ્કૂલોએ ફી વિકલ્પ પસંદ કર્યો હતો અને તે મુજબ ફી ઉઘરાવવામાં આવી હતી. પરંતુ સ્કૂલો દ્વારા અમાન્ય રીતે વધુ ફી ઉઘરાવવામાં આવી હોવાની વિગતો બહાર આવતા આ સ્કૂલો પાસે ખુલાસો માંગવામાં આવ્યો હતો. પરંતુ સ્કૂલ તરફથી યોગ્ય ખુલાસો હજુ સુધી આપવામાં આવ્યો ન હોવાનું બહાર આવ્યું છે. જેથી અમદાવાદ ડીઈઓ દ્વારા આ આઠ સ્કૂલોને નોટિસ આપી તાત્કાલીક વધારાની ફી જમા કરાવી હોય તો તેના ચલણની કોપી અથવા તો યોગ્ય ખુલાસો રજૂ કરવા જણાવાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં ગ્રાન્ટેડ સ્કૂલો શરૂ થઈ ત્યારે તેમની પાસે બે વિકલ્પ રહેતા હતા. જેમાં સ્કૂલો ગ્રાન્ટનો વિકલ્પ પસંદ કરી શકતી હતી. ઉપરાંત ફીનો વિકલ્પ પણ પસંદ કરી શકતી હતી. ફીનો વિકલ્પ પસંદ કરનારી સ્કૂલો વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલતી હતી. જ્યારે ગ્રાન્ટનો વિકલ્પ સ્વીકારનારી સ્કૂલોને સરકાર તરફથી નિભાવ ગ્રાન્ટ આપવામાં આવતી હોય છે. જે તે વખતે સ્કૂલોએ પોતાની રીતે ગ્રાન્ટ કે ફીનો વિકલ્પ પસંદ કર્યો હતો. ફી વિકલ્પમાં સ્કૂલોએ નક્કી કરેલી જ ફી લેવાની થતી હોય છે.

અમદાવાદ શહેરની આઠ જેટલી સ્કૂલો કે જેમાં દિવાન બલ્લુભાઈ સ્કૂલ , બીવીડી હાઈસ્કૂલ, સ્વસ્તિક સ્કૂલ, આરસી પટેલ સ્કૂલ, અસારવા વિદ્યાલય, શારદા હાયર સેકન્ડરી સ્કૂલનો સમાવેશ થાય છે તેમણે વધુ ફી લીધી હોવાની વિગતો બહાર આવી છે. ગ્રાન્ટેડ ફી વિકલ્પવાળી સ્કૂલોએ ૨૦૧૨-૧૩થી ૨૦૧૬-૧૭ સુધી અમાન્ય રીતે વધુ ફી ઉઘરાવી હોવાની વિગતો બહાર આવી હતી. આ સ્કૂલોએ ૨ ૧.૪૯ કરોડની વધારાની ફી ઉઘરાવી હોવાનો રાજકોટની એ.જી. કચેરી દ્વારા બહાર લવાયું હતું અને તેનો ખુલાસો કરવા માટે તાકીદ કરાઈ હતી. જેથી અમદાવાદ ડીઈઓ કચેરી દ્વારા સ્કૂલોને નોટિસ આપી જરૂરી આધાર-પુરાવા સાથે ઉપસ્થિત રહેવા માટે જણાવાયું હતું.

જોકે, ડીઈઓની તાકીદ પછી પણ સ્કૂલોએ કોઈ જવાબ રજૂ કર્યો ન હતો. સ્કૂલ દ્વારા વધારાની ફી સરકારમાં જમા કરાવી દીધી હોય તો તેના ચલણની પ્રમાણિત નકલ તેમજ જો અન્ય ખુલાસો હોય તો આધાર સાથે તાત્કાલીક ડીઈઓ કચેરીમાં જમા કરાવવા માટે ડીઈઓ દ્વારા ફરી પરિપત્ર કરાયો છે. આ અંગે સ્કૂલોએ ફરજિયાત અમલ કરી પુરાવા રજૂ કરવાના રહેશે તેવી તાકીદ પણ કરાઈ છે. જો સ્કૂલો પુરાવા જમા નહીં કરાવે તો ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની જવાબદારી સ્કૂલની રહેશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.